ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

૬ | બુધવાર ૭ ઓક્ટોબર, ૨૦૨૬ | છોટાઉદેપુર | ડભોઈ | સાવલી | કરજણ | બોડેલી | ક્વાંટ | નસવાડી

સંક્ષિપ્ત સમાચાર

બોડેલીની ખત્રી વિદ્યાલય રંગોળી-કોલાજ સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ



બોડેલી : બોડેલી ની ખત્રી વિદ્યાલય રાષ્ટ્ર ને સંગ,સેવા ને રંગ અંતર્ગત રંગોળી અને કોલાઝ સ્પર્ધા માં જિલ્લા માં પ્રથમ ક્રમાંકે વિજેતા બન્યા આજે 6-10-2026 મંગળવાર ના રોજ છોટાઉદેપુર ટાઉનહોલ ખાતે રાષ્ટ્ર ને સંગ,સેવા ને રંગ અંતર્ગત રંગોળી અને કોલાઝ આર્ટ સ્પર્ધા નું આયોજન છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન મેડમના અધ્યક્ષ સ્થાને તથા છોટાઉદેપુર જિલ્લા શિક્ષણાધિકારી આનંદકુમાર પરમાર સાહેબ, સાંસદ સભ્ય જશુભાઈ રાઠવા ની હાજરી માં કરવામાં આવ્યું હતું.જેમાં જિલ્લા ની 300 શાળા ઓ એ ભાગ લીધો હતો.આ સ્પર્ધા માં ખત્રી વિદ્યાલય એ ઉત્કૃષ્ટ પ્રદર્શન તેમજ આકર્ષક રજૂઆત કરી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. જે બોડેલી ગામ, શાળા, સમાજ અને છોટાઉદેપુર જીલ્લા નું ગૌરવ વધાર્યું છે.

બોર તલાવ ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો, ગ્રામજનોના પ્રશ્નોનો સ્થળ પર નિકાલ



સંખેડા : ગ્રામજનો તથા અરજદારોના વિવિધ પ્રશ્નો અને અરજીઓનો સ્થળ પર જ ઝડપી નિકાલ થાય તેવા ઉમદા હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો. આ શિબિરમાં નાગરિકો તરફથી મળેલી વિવિધ અરજીઓનો સ્થળ પર જ સંતોષકારક નિકાલ કરવામાં આવ્યો હતો. આ અગાઉ સંખેડા તાલુકાના વડેલી ગામે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં કુલ 1267 જેટલી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો, જેની ભારે સરાહના થઈ હતી. તે જ પ્રકારે બોર તલાવ પણ મોટી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો. આ સેવા સેતુ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી અભેસિંહ તડવી, તાલુકા પંચાયત પ્રમુખ કલ્પનાબેન રાજપૂત, મામલતદારશ્રી જે.એચ. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામજનોના પ્રશ્નો સાંભળી સંબંધિત અધિકારીઓને તાત્કાલિક નિકાલ કરવા સૂચના આપી હતી. આ કાર્યક્રમમાં મહેસૂલ, પંચાયત, આરોગ્ય, શિક્ષણ, પુરવઠા સહિતના વિવિધ વિભાગોના સ્ટોલ ઉભા કરી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

પોષણ માહ સપ્તાહ અંતર્ગત પાદરાની ૧૯૬ જોખમી સગર્ભાઓને ન્યુટ્રીશન કૂડ કીટનું વિતરણ



પાદરા : પોષણ માહ સપ્તાહ અંતર્ગત પાદરા તાલુકામાં સિલોક્ષ ઇન્ડિયા પ્રા.લિ. દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) અંતર્ગત અતિ જોખમી સગર્ભાઓ માટે ન્યુટ્રીશન કૂડ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પાદરા તાલુકાની કુલ ૧૯૬ સગર્ભાઓને પૌષ્ટિક આહારની કીટ આપવામાં આવી હતી. ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા "સલામત માતૃત્વ, સલામત બાળ સંભાળ"ને પ્રાધાન્ય આપી માતા મૃત્યુદર તથા બાળ મૃત્યુદર ઘટાડવા માટે વિવિધ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સગર્ભાવસ્થા દરમિયાન માતાને પૂરતો અને પૌષ્ટિક આહાર ન મળવો માતા તથા બાળકના સ્વાસ્થ્ય માટે જોખમી પરિબળ બની શકે છે. ખાસ કરીને ગરીબી, ગ્રામ્ય વિસ્તારોમાં પૌષ્ટિક ખાદ્ય સામગ્રીની ઉપલબ્ધતાનો અભાવ તથા અન્ય સામાજિક-આર્થિક પરિબળોને કારણે કેટલીક સગર્ભાઓમાં પોષણની ઉણપ જોવા મળે છે. સરકારની માર્ગદર્શિકા મુજબ ૪૦ કિલોગ્રામ કે તેથી ઓછું વજન, ઓછી ઊંચાઈ, બે કે તેથી વધુ સિઝેરિયન પ્રસૂતિ, એનિમિયા, વ્યસન સહિતના વિવિધ પરિબળો સગર્ભાવસ્થાને જોખમી બનાવી શકે છે.

છોટાઉદેપુરમાં રંગોળી અને કોલાઝ આર્ટ સ્પર્ધામાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાનો રંગ ખીલ્યો



બોડેલી : ગુજરાત રાજ્યના છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્રના આયોજન હેઠળ જિલ્લા કક્ષાની રંગોળી તથા કોલેજ આર્ટ સ્પર્ધાનું આયોજન છોટાઉદેપુર ખાતે કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં જિલ્લાના વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન, જિલ્લા શિક્ષણ અધિકારી કુમાર આનંદ પરમાર તેમજ સાંસદ જશુભાઈ રાઠવા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ અનાજ, માટી, રેતી સહિત વિવિધ કુદરતી અને અન્ય સામગ્રીનો કલાત્મક ઉપયોગ કરીને આકર્ષક રંગોળીઓ તથા કલાત્મક કૃતિઓ તૈયાર કરી હતી. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિએ ઉપસ્થિત મહાનુભાવો તથા દર્શકોનું ધ્યાન ખેંચ્યું હતું. વિદ્યાર્થીઓએ, જ્યારે ગ્રુપ રંગોળી સ્પર્ધામાં અનેક શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શ્રી સી.એન. બક્ષી સાર્વજનિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

પાદરાની નંદ રેસીડેન્સીમાં વિષ્ણુ સહસ્ત્રનામ પાઠ યોજાયો



પાદરા : પાદરા-તાજપુરા રોડ પર આવેલી નંદ રેસીડેન્સી ખાતે પારસપુરી ગોસ્વામી તથા ગોવિંદપુરી ગોસ્વામીના આયોજન હેઠળ ભક્તિભાવ અને ધાર્મિક વાતાવરણ વચ્ચે વિષ્ણુ સહસ્ત્રનામ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન વિષ્ણુના સહસ્ત્રનામનું શ્રદ્ધાપૂર્વક પઠન કરી ધન્યતા અનુભવી હતી. આ ધાર્મિક પ્રસંગે પાદરા સંતરામ મંદિરના મહંત મોહનદાસજી મહારાજ તેમજ રંગ અવધૂત પરિવારના ઉપેન્દ્ર ઉપાધ્યાય સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ સામૂહિક રીતે વિષ્ણુ સહસ્ત્રનામ પાઠનો લાભ લઈ આધ્યાત્મિક શાંતિ અને ભક્તિભાવનો અનુભવ કર્યો હતો. આ પ્રસંગે સમગ્ર નંદ રેસીડેન્સી પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

'ઓપરેશન પરાક્રમ' હેઠળ કરજણ પોલીસની કાર્યવાહી, રોકડ-મોબાઇલ સહિત રૂ.૩.૩૬ લાખનો મુદ્દામાલ કબજે

કરજણ ખાતે જ્વેલર્સમાંથી ચાંદીના દાગીનાની ચોરી કરનાર ૩ ઈસમો મધ્યપ્રદેશમાંથી ઝડપાયા

ટેકનિકલ અને હ્યુમન ઇન્ટેલિજન્સથી મધ્યપ્રદેશ પહોંચી કરજણ પોલીસે ત્રણ આરોપીને ઝડપી પાડ્યા



(પ્રતિનિધિ) કરજણ, તા.6

વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા "ઓપરેશન પરાક્રમ" અંતર્ગત કરજણ પોલીસને મોટી સફળતા મળી છે. કરજણ ખાતે આવેલ નવરત્ન જ્વેલર્સમાંથી ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થયેલા ત્રણ આરોપીઓને મધ્યપ્રદેશમાંથી ઝડપી પાડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ કરજણના નવરત્ન જ્વેલર્સમાં ગ્રાહક બની પ્રવેશેલા આરોપીઓએ દુકાનમાંથી ચાંદીના દાગીના ચોરી કર્યા હતા. આ અંગે કરજણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસ દ્વારા આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ તપાસ દરમિયાન આરોપીઓની ઓળખ (1) પુષ્પેન્દ્ર ઉર્ફે કુશવાહા રહે. મડિયારા મહોદા, (2) સુરજ ચરણસિંહ શાક્યા રહે. માતનપુરા મહોદા અને (3) રાહુલ ચરણસિંહ શાક્યા રહે. માતનપુરા મહોદા, તા. ઈન્દોરજ, જિ. દતિયા (મધ્યપ્રદેશ) તરીકે થઈ હતી.

કરજણ પોલીસની ટીમે ટેકનિકલ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે તપાસ આગળ ધપાવી મધ્યપ્રદેશ ખાતે આરોપીઓના ઠેકાણા અંગે માહિતી મેળવી હતી. ત્યારબાદ ત્રણેય આરોપીઓને ઝડપી પાડી કરજણ પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા.

પૂછપરછ દરમિયાન આરોપીઓએ કરજણની જ્વેલર્સની દુકાનમાંથી ચાંદીના દાગીનાની ચોરી કર્યાની કબૂલાત કરી હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. રોકડ રકમ સહિત મોબાઇલ ફોન મળી કુલ આશરે રૂ. 3,36,000નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

આ સમગ્ર કામગીરી વડોદરા ગ્રામ્ય પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કરજણ પોલીસ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

પાદરાના જાસપુર ગામે છાપરા પરથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.6

વડોદરા ગ્રામ્ય એલ.સી.બી. પોલીસ દ્વારા પાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે જાસપુર ગામમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂના કુલ 28 ક્વાર્ટર, કિંમત રૂ. 6,328નો જથ્થો મળી આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ, જાસપુર ગામના પઢીયાર વગામાં એક વ્યક્તિ પોતાના નવા બની રહેલા મકાનની સામે આવેલા છાપરામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખતો હોવાની બાતમી મળી હતી. આ દારૂ તેની પત્ની દ્વારા છૂટક વેચાણ કરવામાં આવતો હોવાની માહિતીના આધારે સ્થળ પર રેડ કરવામાં આવી હતી.

કોર્ટ પરિસર બહાર વકીલોના સૂત્રોચ્ચારથી માહોલ ગરમાયો, પોલીસની દરમિયાનગીરીથી ઉત્તેજના

સાવલી બાર એસોસિએશનનો ભાડા વિધેયક સામે ઉગ્ર વિરોધ, સરકારનું પૂતળું બાળ્યું



(પ્રતિનિધિ) સાવલી, તા.27

સાવલી બાર એસોસિએશન દ્વારા ભાડા વિધેયક સામે ઉગ્ર વિરોધ કરીને સૂત્રોચ્ચાર કરી કોર્ટ પરિસરની બહાર સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરી સરકારના પૂતળા દહન કરતા પોલીસ ની દરમિયાનગીરી ઉત્તેજના પ્રસરી ગઈ હતી.

સાવલી બાર એસોસિએશન દ્વારા ભાડા વિધેયક 2026 નો ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ને સમર્થન આપી ને વિવિધ કાર્યક્રમો આપી રહ્યા છે તેવામાં આજરોજ કોર્ટ પરિસરની બહાર મોટી સંખ્યામાં વકીલો એકત્રિત થઈ સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. અને સૂત્રોચ્ચાર કર્યા હતા વકીલોએ ભાડા વિધેયકનો વિરોધ કરતાં સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

સાવલી બાર એસોસિએશનના પ્રમુખ સહિત વકીલો કોર્ટ પરિસરની બહાર એકત્ર થયા હતા. ભાડા વિધેયકના વિરોધમાં વકીલોએ સરકારની નીતિ સામે નારાજગી વ્યક્ત કરી હતી. આ દરમિયાન વકીલો દ્વારા વિરોધના ભાગરૂપે ગુજરાત સરકારના પૂતળાનું દહન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.પૂતળું સળગાવવાનો પ્રયાસ થવાની જાણ થતાં સાવલી પોલીસ પણ તાત્કાલિક કોર્ટ પરિસર ખાતે પહોંચી હતી. પોલીસ દ્વારા પરિસ્થિતિને કાબૂમાં લેવા પ્રયાસ કરવામાં આવ્યો હતો અને પૂતળું સળગાવતાં રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેના પગલે કોર્ટ પરિસરની બહાર થોડા સમય માટે વિરોધ અને પોલીસની હાજરીને કારણે માહોલ ગરમાયો હતો. અને ભારે ઉત્તેજના ફેલાઈ હતી અને વકીલોનું કહેવું હતું કે આ વિધેયકને લઈને વકીલ વર્ગમાં ભારે વિરોધની લાગણી છે અને કાયદો પાછો ખેંચવાની માંગ કરી હતી અને આ મુદ્દે સરકાર સુધી પોતાનો અવાજ પહોંચાડવા માટે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.તેવું જણાવ્યું હતું.

ડભોઈના રંગ ઉપવન બાગના સાધનો તૂટતા નગરજનોમાં નારાજગી

ડભોઈનો વિવાદમા રહેલ રંગ ઉપવન બાગ સાધનો તૂટતા ફરી વિવાદમા આવ્યો



(પ્રતિનિધિ) ડભોઈ, તા. 6

અંતરગ વર્તુળોમાં થી જાણવા મળ્યાં મુજબ ડભોઈ ઉપવન બાગ નુ ૨.૩ કરોડ ના ખર્ચે નવીનીકરણ કરવામાં આવેલ જેને ગત ડિસેમ્બર ૨૦૨૫ માં ખુલ્લો મુકવામાં આવેલ ત્યારે પણ સાધનો તૂટી ગયા અને કોન્ટ્રાકટર દ્વારા વેલ્ડીંગ ના ટાંકા મારી સબ સલામત હોવાની ગુલબાંગો પોકારાઇ હતી રંગ ઉપવન બાગ અવારનવાર વિવાદ મા રહે છે ગુજરાત સરકાર ધ્વારા માતબર ૨.૩૦ કરોડ ના ખર્ચે નવીનીકરણ કરવામાં આવેલ જેના ખર્ચ ની રકમ ની ચર્ચા આજે પણ નગરજનો કરી રહ્યા છે નગરજનો માટે આશીર્વાદ સમાન મનાતો આ એક માત્ર બાગ છે જયાં સિનિયર સિટીઝનો સાથે બાળકો અને વયસ્કો પણ રાત્રે બાગ મા આનંદ લેતા હોય છે, પણ બાગ ના તકલાદી સાધનો તૂટી જતાં નગરજનો મા નારાજગી જોવા મળી છે અત્રેઉલ્લેખનીય છે બાગ ના ભ્રષ્ટાચાર ની પોલ અમિત ચાવડા ની રાહબરી હેઠળ ના આગેવાનો દ્વારા ઉજાગર કરવામાં આવેલ તેમ છતાંય બોર્ડ દ્વારા કોન્ટ્રાક્ટર ને બચાવવા ના પ્રયાસો આજે પણ થઈ રહ્યા છે.

કરજણ-વલણ પોલીસે ૩.૧.૮૫ કરોડનો વિદેશી દારૂ કર્યો નાશ

કરજણ-વલણમાં ૩.૧.૮૫ કરોડના દારૂ પર JCB ફરી વળી

(પ્રતિનિધિ) કરજણ, તા. 6

વડોદરા જિલ્લાના કરજણ અને વલણ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહિબિશનના ગુનાઓમાં જપ્ત કરાયેલા આશરે 1.85 કરોડના વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો, જે કાયદાના શાસન પ્રત્યેની પ્રતિબદ્ધતા અને નશાબંધીના અમલ માટેનું એક દ્રઢ પગલું દર્શાવે છે. આ કાર્યવાહી બામણ ગામ નજીક નેશનલ હાઈવે નંબર 48 પર આવેલા એક ખાલી પ્લોટમાં કરવામાં આવી હતી, જ્યાં 43,427 બોટલો પર JCB ફેરવીને તેનો નાશ કરવામાં આવ્યો.

આ કાર્યવાહીમાં કરજણ DYSP પી. એન. પટેલ સાહેબ, વલણ પોલીસ સ્ટેશનના પી. આઈ. ચૌધરી, કરજણના SDM, અને નશાબંધી વિભાગના અધિકારીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ અધિકારીઓની હાજરીમાં પારદર્શિતા અને કાયદાકીય પ્રક્રિયાનું પાલન સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. નાશ કરાયેલા જથ્થામાં બિયર, ક્વાર્ટર બોટલો અને મોટી બોટલો સહિત વિવિધ પ્રકારના વિદેશી દારૂનો સમાવેશ થતો હતો, જે 27 જેટલા પ્રોહિબિશનના ગુનાઓમાં જપ્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રકારની કાર્યવાહી સમાજમાં એક સ્પષ્ટ સંદેશ આપે છે કે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો કડક રીતે અમલમાં મૂકવામાં આવશે અને તેનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક પગલાં લેવામાં આવશે.

જેતપુરપાવી રેલવે ફાટક પાસે ટ્રેનની અડફેટે યુવકનું કરુણ મોત



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા. 6

જેતપુરપાવી ગામમાં રેલવે ફાટક નજીક રાત્રિના સમયે ટ્રેનની અડફેટે આવી જતાં 22 વર્ષીય યુવકનું કરુણ મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. ઘટનાને પગલે રેલવે ફાટક પાસે લોકોના ટોળા એકત્ર થતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, સોલંકી રાહુલભાઈ વિપુલભાઈ (ઉંમર 22 વર્ષ), મૂળ સોજીત્રા, જિલ્લો આણંદ, રાત્રિના આશરે 8:30 વાગ્યાની ટ્રેનની અડફેટે આવી ગયા હતા. અકસ્માતમાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તેમજ રેલવે પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો અને સમગ્ર મામલે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ડભોઈમાં નવરાત્રી માટે એપીએમસી ગ્રાઉન્ડ પર તડામાર તૈયારીઓ

એપીએમસી ગ્રાઉન્ડ પર ભવ્ય ગરબાના આયોજનની તૈયારીઓને આખરી ઓપ

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 6

ડભોઈમાં નવરાત્રી મહોત્સવ ને દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ નવરાત્રી મહોત્સવ માટે તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહેલ છે. ડભોઈ નગર કોટ વિસ્તાર બહાર આવેલ ખેતીવાડી બજાર સમિતિના ગ્રાઉન્ડ પર ભવ્ય ગરબા યોજવામાં આવનાર હોવાનું મુખ્ય આયોજક તરફ થી જણાવવામાં આવેલ છે. નવરાત્રી મહોત્સવ ઉજવવા માટે બજાર સમિતિના મેદાનમાં માં ગઢભવાની દર્ભાવતિ કલ્ચરલ ગૃપ આયોજિત હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે ડભોઈ ના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા (સોટ્ટા) તેમજ મુખ્ય આયોજકો અને મુખ્ય સલાહકાર સમિતિ, મહિલા સલાહકાર સમિતિ સહિત વિવિધ સમિતિઓ ની રચના કરવામાં આવી હતી.

માં ગઢ ભવાની દર્ભાવતી કલ્ચર ગૃપ ધ્વારા બજાર સમિતિ ના મેદાન ખાતે મંડપ, રંગ બે રંગી લાઈટિંગ ડેકોરેશન, બેઠક વ્યવસ્થા સહિત ભૈલેય્યાઓ માટે સુંદર ગ્રાઉન્ડ તૈયાર કરાયું છે. જ્યારે વાહનો માટે પાર્કિંગ વ્યવસ્થા પણ કરાઇ છે.ગતવર્ષ ની જેમ કપાળે તિલક વિના ગરબા ગ્રાઉન્ડ માં પ્રવેશ નહીં આપવાનું પણ નક્કી કરાયું છે. આમ નવલી નવરાત્રી નું ઉજવણી માટે ની તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.

ખેતરોમાં દરોડો પાડી ૧૬.૨ કિલો ગાંજો જપ્ત, રૂ.૮.૦૧ લાખનો મુદ્દામાલ કબજે

માતોરામાં SOGનો સપાટો, ગાંજાના ૩૮ લીલા છોડ સાથે બે ઝડપાયા

માતોરાના બે ખેતરમાંથી ગાંજાના 38 છોડ મળી આવ્યા



(પ્રતિનિધિ) બોડેલી, તા.6

છોટાઉદેપુર જિલ્લામાં નશીલા પદાર્થોની હેરાફેરી અને ગેરકાયદેસર વાવેતર સામે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત છોટાઉદેપુર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ નસવાડી તાલુકાના માતોરા ગામે રેડ કરી બિનઅધિકૃત રીતે વાવવામાં આવેલા લીલા ગાંજાના 38 છોડ ઝડપી પાડ્યા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે SOGના PSI એમ.એચ. જાદવ તથા ટીમે માતોરા ગામે રહેતા વિષ્ણુભાઈ રામાભાઈ રાઠવા અને દામણભાઈ કચરાભાઈ રાઠવાના કબજા-ભોગવટાવાળા બંને ખેતરોમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ખેતરમાંથી કુલ 38 લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા, જેનું કુલ વજન 16.2 કિલોગ્રામ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે જપ્ત કરેલા ગાંજાના છોડની કુલ કિંમત આશરે રૂ. 8,01,000 હોવાનું જણાવાયું છે. આ મામલે બંને ઈસમો વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી માટે તેમને નસવાડી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

વાંકી-ડુંગરવા માર્ગ પર નાળાના રસ્તા બિસ્માર

લાખોના ખર્ચે બનેલા નાળાના રસ્તા થોડા સમયમાં જ ખાડાવાળા બન્યા

(પ્રતિનિધિ) બોડેલી, તા. 6

વાંકીથી ડુંગરવા તરફ જતા માર્ગ ઉપર મોટી બેજ, નાની બેજ તથા ધમુન વિસ્તારમાં થોડા સમય અગાઉ બનાવવામાં આવેલા આશરે ત્રણ જેટલા નાળાઓના રસ્તા હાલ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. નાળાઓ બનાવ્યાને વધુ સમય થયો નથી તેમ છતાં રસ્તા ઉપર ઠેર-ઠેર ખાડાઓ પડી જતા બાંધકામની ગુણવત્તા અને કામગીરી અંગે અનેક સવાલો ઊભા થયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, નાળાઓના નિર્માણ બાદ પ્રથમ વર્ષે પણ રસ્તાની હાલત ખરાબ થવા લાગી હતી. ત્યારબાદ ચોમાસાની ઋતુ દરમિયાન પણ જરૂરી મેન્ટેનન્સ કે સમારકામ કરવામાં આવ્યું ન હોવાના કારણે હાલ વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લાખો રૂપિયાના ખર્ચે નાળાઓનું નિર્માણ કરવામાં આવ્યું હોય ત્યારે તેની જાળવણીની જવાબદારી કોની છે તે અંગે પણ લોકોમાં ચર્ચા છે. શું કોન્ટ્રાક્ટમાં નાળાના રસ્તાના ત્રણ કે પાંચ વર્ષના મેન્ટેનન્સની જોગવાઈ કરવામાં આવી છે? જો જોગવાઈ હોય તો અત્યાર સુધી સમારકામ કેમ કરવામાં આવ્યું નથી? અને જો મેન્ટેનન્સની જોગવાઈ ન હોય તો જાહેર નાણાંથી બનેલા આવા કામોની લાંબા ગાળાની જાળવણી કેવી રીતે થશે?

ચાણસદમાં પ્રમુખસ્વામી મહારાજને વિશિષ્ટ સ્મૃતિ અંજલિ

(પ્રતિનિધિ) પાદરા, તા.6

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિપર્વ નિમિત્તે તેમના પ્રાગટ્યસ્થાન ચાણસદ ખાતે વિશિષ્ટ સ્મૃતિ અંજલિ અર્પણ કરવામાં આવી હતી. પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન અને કાર્યને આવરી લેતા વિશાળ જીવનચરિત્રના લેખન બદલ પૂજ્ય આદર્શજીવન સ્વામીને પ્રાપ્ત થયેલા Guinness World Recordsના વિશ્વવિક્રમનું પ્રમાણપત્ર ચાણસદ ખાતે અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્ર લેખનને મળેલું આ વૈશ્વિક સન્માન તેમના પ્રાગટ્યસ્થળે અર્પણ કરી તેમની દિવ્ય સ્મૃતિને વિશિષ્ટ રીતે વંદન કરવામાં આવ્યું. પ્રમુખસ્વામી મહારાજના સેવા, સંસ્કાર અને માનવકલ્યાણના સંદેશને વિશ્વભરમાં પહોંચાડતા આ જીવનચરિત્રને મળેલું ગિનિસ વર્લ્ડ રેકોર્ડનું સન્માન સ્મૃતિપર્વની ઉજવણીમાં વિશેષ આકર્ષણ બન્યું.